# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
# બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૧૧
# (તારીખઃ ૦૮/૦૪/૨૦૨૬, બુધવાર)
# કાર્યનોંધ

**બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૧૧, તારીખઃ ૦૮/૦૪/૨૦૨૬ને બુધવારના રોજ બપોરે ૪:૦૦ કલાકે કુલપતિશ્રીના કાર્યાલયમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામઃ-**

૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)
૨) ડૉ. અલકાબેન મેકવાન
૩) શ્રીમતી નિતાબેન બ્રહ્મભટ્ટ
૪) ડૉ. પરેશભાઇ વી. વિરપરીયા
૫) શ્રી કેતનકુમાર પી. પટેલ
૬) શ્રી વિજયસિંહ યુ. ઝાલા
૭) શ્રી રૂષિકેશભાઇ શાહ
૮) કુલસચિવશ્રી

સભામાં સભ્યશ્રીઓની ગેરહાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામઃ-**

૧) શ્રી નીરજકુમાર સિંઘ (જાણ કરી)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

(સિન્ડિકેટ વિભાગ)

**૧. તારીખઃ ૨૯-૦૧-૨૦૨૬ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા નંબર : ૧૦ ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.**

(નોંધઃ ૧) સભ્યશ્રીઓને તારીખઃ ૩૧-૦૧-૨૦૨૬ના રોજ જે કાર્યનોંધ મોકલવામાં આવી હતી. તેની એક નકલ આ સાથે પુનઃ **(બિડાણઃ ૧ પૃ. ૧ થી ૩)** તરીકે સામેલ છે.

૨) તારીખઃ ૨૯-૦૧-૨૦૨૬ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાઃ૧૦ માં પસાર કરેલા ઠરાવો ઉપર થયેલી કાર્યવાહીનો અહેવાલ **(બિડાણઃ ૧-અ)** તરીકે સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૯/૦૧/૨૦૦૨૬ને ગુરૂવારના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભાઃ ૧૦ ની કાર્યનોંધ અને કાર્યવાહીનો અહેવાલ મંજૂર કરવામાં આવ્યો.**

(સિન્ડિકેટ વિભાગ)

૨. તારીખ:**૧૮/૦૨/૨૦૨૬ને બુધવાર**ના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભા:૧૭** ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૨ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૮/૦૨/૨૦૨૬ને બુધવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૧૭ ની કાર્યનોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરવામાં આવી.**

**તારીખઃ ૦૯/૦૨/૨૦૨૬ને સોમવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ સમિતીની બાબત ક્રમાંકઃ ૭ માં ડૉ. ઋત્તા પરમાર આઇ. કે. એસ સેન્ટરના દ્વિ-દિવસીય શિબીરમાં થયેલ અંદાજીત ખર્ચ જે મંજૂર કરવામાં આવેલ હતો તેમાં ''અંદાજીત'' શબ્દને રદ કરીને ખરેખર થયેલ ખર્ચ મંજૂર કરવો તેમ ઠરાવવામાં આવ્યું.**

**(પરીક્ષા વિભાગ)**

૩. સરદાર પટેલ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓની પદવી પરીક્ષાઓમાં નિયમાનુસાર ઉતિર્ણ થયેલા તથા તે પદવીઓ મેળવવા પાત્ર ઠરતા કુલ **૧૨૩૯** અરજદાર વિદ્યાર્થીઓને સંબંધિત વિદ્યાશાખાની સ્નાતક, અનુસ્નાતક તેમજ પી.એચ.ડી.ની પદવીઓ એનાયત કરવાની દરખાસ્ત મંજૂર કરવા બાબત..

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓની પદવી પરીક્ષાઓમાં નિયમાનુસાર ઉતિર્ણ થયેલા તથા તે પદવીઓ મેળવવા પાત્ર ઠરતા કુલ ૧૨૩૯ અરજદાર વિદ્યાર્થીઓને સંબંધિત વિદ્યાશાખાની સ્નાતક, અનુસ્નાતક તેમજ પી.એચ.ડી.ની પદવીઓ એનાયત કરવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી.**

**(એસ્ટેટ વિભાગ)**

૪. સરદાર પટેલ યુનિવર્સિટી સ્થિત યુનિયન બેંક ઓફ ઈન્ડિયાને ભાડેથી આપેલ જગ્યાનો ભાડા કરાર રીન્યુ કરવા માટે તથા ૨૫૦ ચો.ફૂટ જગ્યા વધારાના બાંધકામ માટે ફાળવી આગામી ૧૦ વર્ષ માટે ભાડા કરાર રીન્યુ કરવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત. **(બિડાણ : ૩)**

**નોંધઃ-**

૧. સરદાર પટેલ યુનિવર્સિટી સ્થિત બેંક યુનિયન બેંક ઓફ ઈન્ડિયાને હાલ ૮૨૪.૫૦ ચો.ફૂટની જગ્યા ભાડા કરારથી ફાળવેલ છે.

૨. ઉપરોકત ફાળવેલ જગ્યા ઉપરાંત બેંકની રજૂઆત મુજબ વધારાની ૨૫૦ ચો.ફૂટ જગ્યા લોકરની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે રજૂઆત પ્રાપ્ત થયેલ હોઈ યુનિવર્સિટી દ્વારા બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ કમિટીની સભા તારીખઃ ૨૯/૦૮/૨૦૨૩, બાબત ક્રમાંક : ૦૬ થી ચર્ચા વિચારણા કરવામાં આવેલ. જે બાબતે સિન્ડિકેટ સભા દ્વારા તારીખ:૩૦/૦૯/૨૦૨૩, બિડાણઃ ૦૮ બાબત ક્રમાંક ૩૦ થી ઉપરોકત રજૂઆત મુજબ ૨૫૦ ચો. ફૂટ જગ્યા ફાળવવા ભલામણ કરવામાં આવેલ.

૩. સિન્ડિકેટ સભાની ભલામણ મુજબ મેનેજર યુનિયન બેંક ઓફ ઈન્ડિયાને લોકરની વધારાની ૨૫૦ ચો. ફૂટ જગ્યાના ડ્રોઈંગ તૈયાર કરાવી યુનિવર્સિટીની મંજૂરી મેળવવા જાણ કરવામાં આવેલ તથા તેમનો ભાડા કરાર ૨૦૨૩માં પૂર્ણ થયેલ જેથી નવા ભાડા સાથેનો નવો ભાડા કરાર કરાવી લેવા પત્રાંક એલ/૫૪૩૭ તારીખઃ ૨૧/૧૧/૨૦૨૩થી જાણ કરેલ જેની વિગત બિડાણ થી સામેલ છે.

૪. સદર બાબતે મેનેજર યુનિયન બેંક દ્વારા કરારની શર્તોની નકલ યુનિવર્સિટીને રજૂ કરવામાં આવેલ પરંતુ યુનિવર્સિટીમાં કોમન એક્ટ લાગુ પડેલ હોઈ યુનિવર્સિટી કોમન એક્ટના રૂલ્સ એન્ડ રેગ્યુલેશન મુજબ XI Miscellaneous સેક્શન ૪૬ ડી મુજબ મિલ્કત ભાડે કે વેચાણ આપવા સરકારશ્રીની મંજૂરી મેળવવાની થતી હોય છે તે માટે નાયબ નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરને પત્રાંકઃ ૫૫૮૫ તારીખઃ ૧૭/૧૨/૨૦૨૪થી મંજૂરી આપવા જણાવેલ.

૫. સદર બાબતના સંદર્ભમાં કોમન એક્ટમાં દર્શાવેલ પાવર એન્ડ ડયૂટી જ ઓફ બોર્ડ ઓફ મેનેજમેન્ટ પેજ ૨૬ અને ૨૭ પેજ ૧૫ (m) મુજબ આ પ્રકારની બિલ્ડીંગ ભાડે/કરાર થી આપવા માટેની સત્તા બોર્ડ ઓફ મેનેજમેન્ટ ધરાવે છે. જેને ધ્યાને લઈ બોર્ડ ઓફ મેનેજમેન્ટની મંજૂરી મેળવી સદર ભાડા કરાર કરવાની ચર્ચા વિચારણા કરવાની રહે.

૬. સદર બાબત ૧૦/૦૩/૨૦૨૬ની કાર્યાલય નોંધમાં મળેલ આદેશાનુસાર અત્રે રજૂ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટી સ્થિત યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાને ભાડેથી આપેલ જગ્યાનો ભાડા કરાર રીન્યુ કરવા માટે તથા ૨૫૦ ચો.ફૂટ જગ્યા વધારાના બાંધકામને મંજૂરી આપી. ત્યાર બાદ વધારામાં ભાડું દર (૩) ત્રણ વર્ષે ૧૫% જેટલું વધારવું અને બેન્ક દ્વારા લોકરની સુવિધામાં યુનિવર્સિટીના કર્મચારીઓને પ્રધાન્ય આપવું.**

કુલસચિવ

નંબરઃ કે.૧/બોર્ડ ઓફ મેનેજમેન્ટ/230
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૧૦/૦૪/૨૦૨૬

પ્રતિ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ જોગ.